પાલનપુરમાં દારૂના કન્ટેઈનર સાથે ઝડપાયેલા શખ્સનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

બનાસકાંઠામાં કુલ આંકડો ૮૬એ પહોંચ્યો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ત્રણ દિવસ બાદ કોરોના વાયરસનો વધુ એક પોઝિટવ કેસ નોંધાયો છે. જ્યાં બે દિવસ અગાઉ પાલનપુરમાં દારૂના કન્ટેઈનર સાથે ઝડપાયેલા શખ્સનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. જેની સાથે બનાસકાંઠામાં કુલ આંકડો ૮૬એ પહોંચ્યો છે. જિલ્લામાં મૂર્તયુઆંક ૩ થયો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. અત્યાર સુધીમાં પાલનપુર, વડગામ, દાંતા, ડીસા, દાંતીવાડા, અમીરગઢ, ધાનેરા, દિયોદર, કાંકરેજ, થરાદ, વાવ તાલુકા ફરતે કોરોનાએ ભરડો લીધો છે. જ્યારે સુઈગામ, લાખણી અને ભાભર તાલુકો સુરક્ષિત રહ્યો છે.

આવી સ્થિતિમાં બુધવારે ત્રણ દિવસ બાદ કોરોના વાયરસનો વધુ એક પોઝિટવ કેસ નોંધાયો છે. જ્યાં બે દિવસ અગાઉ પાલનપુરમાં દારૂના કન્ટેઈનર સાથે ઝડપાયેલા શખ્સનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

આ શખ્સ કોરોના પોઝિટિવ નીકળતાં દારૂની રેડ કરનારા ગાંધીનગર વિજિલન્સ ટીમના કર્મચારીઓ તેમજ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકના કર્મચારીઓ પણ તેના સંપર્કમાં આવ્યા હોઈ તેઓ પણ સંક્રમણનો ભોગ બને તેવી શક્યતાઓને લઈ પોલીસ બેડામાં પણ ફફડાટ પ્રસરી ગયો છે. જેની સાથે બનાસકાંઠામાં કુલ આંકડો ૮૬એ પહોંચ્યો છે. જિલ્લામાં મૂર્તયુઆંક ૩ થયો છે.

ધાનેરામાં કોરોના વોરીયર્સનુ અભિવાદન કરાયુ

ધાનેરા તાલુકામાં છેલ્લા બે મહીનાથી કોરોનામાં સેવા આપી રહેલા આરોગ્ય વિભાગ, પોલિસ વિભાગ, મહેસુલ વિભાગ, પંચાયત વિભાગ તેમજ નગરપાલિકાના અને પત્રકારો દ્વારા મામલતદાર કચેરીથી સોસ્યલ ડીસ્ટન્સ જાળવીને રેલી રુપે નિકળેલા વોરીયર્સ અંબીકાનગર સોસાયટી, સિવાજીપાર્ક સોસાયટી, પ્રગતિનગર ખાતેથી પસાર થયાં લોકોએ તેમના ઉપર પુષ્પવર્ષા કરી હતી. અને જયકારા બોલાવ્યા હતા. જ્યારે પ્રગતિનગર ખાતે તમામને સેવાભાવી લોકો દ્વારા લિંબુ સરબત આપવામાં આવ્યો હતો.

મોડાસામાં લોકડાઉનમાં ખનીજ માફિયાઓ બેફામ

રેતી-કપચીની હેરાફેરી કરી કોરોનાને આમંત્રણ આપી રહ્યાં છે

મોડાસા, તા. ૧૫

લોકડાઉનના કારણે તમામ ધંધા રોજગાર બંધ છે તેમ છતાં કેટલાક લોકો પોતાની સાંઠ-ગાંઠના કારણે બે રોક ટોક ધંધો કરી રહ્યા છે. મોડાસા નગરમાં ખાણ ખનીજ વિભાગની ઢીલી નીતીના કારણે ખનીજ માફીયા ફુલ્યાફાલ્યા છે. લોક ડાઉન સમયે પણ રેતી કપચીની હેરાફેરી કરવામાં આવી રહી છે. જ્યાં સામાન્ય માણસનો ધંધો રોજગાર બંધ છે ત્યાં આવા તત્વો વિજાપુર અને અન્ય જગ્યાઓથી રેતી મંગાવે છે અને વેચે પણ છે. કોરોનાના સમયમાં બહારના ડ્રાઈવર અને ક્લીનર કોઈ વિસ્તારમાં આવે અને સંક્રમણ પણ ફેલાવી શકે છે ત્યારે આ તત્વોને કોણ છાવરી રહ્યુ છે તે એક મોટો પ્રશ્ન છે.

રેતી કપચી લાવી તેનો સંગ્રહ ગેર કાયદેશર રીતે ખુલ્લા પ્લોટોમાં કરવામાં આવે છે ત્યાંથી પછી ઉંચા ભાવે ટ્રેકટર મારફતે કાટીંગ કરવામાં આવે છે.

મોડાસાનગરમાં પહાડપુર રોડના નાકા પર આવેલ એક સોસાયટીના પ્રવેશ દ્વાર આગળ જ એક રેતી કપચીના કોન્ટ્રાકટરે ગેરકાયદેસર ગોડાઉન બનાવ્યુ છે. આ સોસાયટીના રહિશો પણ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. રહિશોના ઘર આગળ જ રેતી કપચીના મસ મોટા ઢગલા કરી દેવામાં આવ્યા છે. સતત ટ્રેકટર અને ટ્રક-ડમ્પરની આવન-જાવન ચાલુ રહેતા લોકો તોબા પોકારી ઉઠ્યા છે.

મહત્વની બાબત એ છે કે ટ્રેકટરમાં રેતી કપચીની હેરાફેરી કરવા માટે પણ ખાણ ખનીજ વિભાગમાં અગલથી રોયલ્ટી ભરવાની હોય છે પરંતુ માસીક હપ્તાથી બધુ સેંટીંગ થઈ જતું હોવાની લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સામાન્ય દિવસોમાં પણ અરવલ્લી જિલ્લામાં હેરાફેરી કરતા મોટા ભાગના ટ્રેકટર પાસે રોયલ્ટી પાસ હોતા નથી. લોકડાઉન દરમ્યાન જ્યારે બધુ જ કામ બંધ છે ત્યારે આ રેતી કપચી ક્યાં લઈ જવામાં આવે છે ? કઈ સાઈટો ચાલુ છે ? શુ લોકડાઉનનો નિયમ આ બિલ્ડરોને લાગુ નથી પડતો ? તેવી ચર્ચા ચારેકોર થઈ રહી છે.

આસેડા પાસે દૂધનું ટેન્કર અને ટ્રક પલટી

લોકડાઉનમાં વાહન વ્યવહાર બંધ છે અને માત્ર આવશ્યક વાહનો જ દોડી રહ્યા છે આયેદિન માર્ગ અકસ્માતના બનાવો સાંભળવા મળી રહ્યા છે ત્યારે ડીસા પાટણ હાઈવે ઉપર આવેલ આસેડા નજીકની ગોળાઈમાં સામસામે દૂધનું ટેન્કર અને પાટણ તરફથી આવતી ટ્રક ધડાકાભેર ટકરાઈને પલટી ખાઈ ગયા હતા. જેથી હાઈવે રોડ ઉપર ટેટી વેરાઈ ગઈ હતી. સદનસીબે જાનહાની ટળી ગઈ હતી પણ બન્ને વાહનને વ્યાપક નુકશાન થયું હતું. અકસ્માતની જાણ થતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા બાદમાં દોડી આવેલી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

રાજસ્થાનમાંથી શામળાજી નજીક ગ્રામ્ય વિસ્તારોમાં દરરોજ ઠલવાતો લાખ્ખો રૂપિયાનો પાન-મસાલા ગુટખાનો જથ્થો

શામળાજી, તા. ૧૫

રાજ્યમાં લોકડાઉન અમલ દરમિયાન પાન-મસાલા ગુટખા વેચાણ મુક્યો છે ત્યારે સમગ્ર રાજ્યમાં પાન-મસાલા ગુટખા, તમાકુ અને સોપારીના કાળાબજાર શરુ થઇ ગયા છે વ્યસનીઓ બે થી ત્રણ ગણા રૂપિયા ખર્ચી વ્યસનને પોષી રહ્યા છે ત્યારે રાજસ્થાનમાંથી ટ્રક અને વિવિધ વાહનો મારફતે શામળાજી નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં ઠાલવી પાન-મસાલા, ગુટખાના વેપારીઓને પહોંચાડવામાં આવી રહ્યો છે પહેલા દારૂના કટિંગ માટે જાણીતા લોકો હવે ગુટખા અને પાન-મસાલાના કાળા બજાર કરી રહ્યા છે.

પ્રાપ્ત માહતી મુજબ, શામળાજી નજીક ગુટકાનો લાખો રૂપિયાનો કારોબાર થઈ રહ્યો છે રાત પડતાની સાથે રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાત રાજ્યના દમુડી જાંબુડી ગામડાં રસ્તે રાત્રે રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં વિમલના કાર્ટુન ભરી તથા ગુટકા સોપારી તથા બીડી-સિગારેટ જેવા હાનિકારક તથા પ્રતિબંધ માલ ઠાલવવામા આવી રહ્યો છે જેમાં મોટા પ્રમાણમાં ગુટખા અને તામુકાં પેકેટના ત્રણથી ચાર ગણા રૂપિયા લઈ વેચી રહ્યા છે. અરવલ્લીમાં બેરોકટોક વેચાણ પણ થઈ રહ્યું છે શામળાજી નજીક એક ગામમાંથી અરવલ્લી જિલ્લામાં તથા સાબરકાંઠા જિલ્લામાં માલ સપ્લાય થાય છે છેલ્લા બે માસથી કરોડો રૂપિયાનો માલ બારોબાર વેચી મારવામાં આવ્યો છે. સરકાર દ્વારા આ બધી વસ્તુઓ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો આને લાખો રૂપિયા ટેક્ષ આવક જતી કરેલ છે, જ્યારે બીજા રાજ્યમાંથી ગુજરાતમાં ટેક્ષ વગર લાખો રૂપિયાનો કારોબાર થઈ જાય છે શામળાજી વિસ્તારમાં આ ધંધો ફુલ્યો ફાલ્યો છે.

બનાસ મેડિકલ કોલેજમાંથી વધુ આઠ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા

બનાસ મેડિકલ કોલેજ અને આરોગ્ય વિભાગની અથાગ મહેનતે કોરોના સંક્રમિત દર્દીઓને સ્વસ્થ કર્યા : કલેક્ટર

કોરોના મહામારી વચ્ચે બનાસકાંઠા જિલ્લા માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. જિલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓ સાજા થવાની ટકાવારી ૬૧ સુધી પહોંચી છે. અત્યાર સુધી જિલ્લામાં કોરોના સંક્રમિત થયેલા ૪૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જિલ્લામાં આજે વધુ આઠ કોરોના પોઝીટીવ દર્દીઓ સ્વસ્થ થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી. બનાસકાંઠા જિલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓ સ્વસ્થ થઈ રહ્યા છે. બનાસ મેડિકલ કોલજની કોવિડ હોસ્પિટલમાંથી આજે વધુ ૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા. ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા બનાસકાંઠા જિલ્લામાં નોંધાઈ હતી. જેને પગલે જિલ્લામાં ભયનો માહોલ છવાયેલો છે. પરંતુ આ ભયના માહોલ વચ્ચે પણ જિલ્લાવાસીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. જિલ્લામાં કોરોના સંક્રમિત થયેલા ૪૯ દર્દીઓ પૈકી ૪૯ દર્દીઓ કોરોના સંક્રમણમાંથી સ્વસ્થ થયા છે.

કોરોના સંક્રમણ સામે દર્દીઓ સ્વસ્થ થતાં બનાસ મેડિકલ કોલેજની કોરોના વોરિયર્સ ટીમ તેમજ જિલ્લા વહીવટીતંત્રમાં આનંદની લાગણી છવાઇ છે.

હાલમાં સારવાર લઈ રહેલા તમામ દર્દીઓ સ્વસ્થ થઈ પરત ફરે તે માટે લોકો પ્રાર્થના કરી રહ્યા છે.

બનાસ મેડિકલ કોલજ સંલગ્ન જનરલ હોસ્પિટલની ટીમ અને જિલ્લા આરોગ્ય વિભાગના સંકલનના કારણે આ પરિણામ પ્રાપ્ત થયું છે. બનાસ મેડિકલ કોલજમાં જે પણ કોરોના સંક્રમિત દર્દી દાખલ થાય છે તેના માટે મેડિકલથી લઈ માનસિક સ્થિતિ સારી રહે તે માટે બનાસ મેડિકલ કોલેજની ટીમ ખડેપગે સેવા આપી રહી છે. જિલ્લા કલેકટર સંદીપ સાગલેએ પણ જિલ્લામાં સ્વસ્થ થઈ રહેલા દર્દીઓ માટે બનાસ મેડિકલ કોલેજ અને આરોગ્ય વિભાગની સાતત્યપૂર્ણ કામગીરીને બિરદાવી હતી. જે દર્દીઓ સ્વસ્થ થઈ જાય છે તેમને બનાસ મેડિકલ કોલેજની કોવિડ હોસ્પિટલમાંથી માનભેર વિદાય આપવામાં આવે છે. દર્દીઓ પણ બનાસ મેડિકલ કોલેજની કોવિડ હોસ્પિટલમાં તેમને મળેલી સેવા બદલ હૃદયના અંતઃકરણથી આભાર માને છે.

કુવૈતથી આવેલા વિજયનગરના ત્રણ લોકોને મોડાસા કોવીડ હોસ્પિટલમાં કોરન્ટાઈન કરાયા

લોકડાઉનમા વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવા કેન્દ્ર સરકાર વિમાન માર્ગે પરત લાવી રહી છે ગુજરાતમાં વીદેશથી પરત ફરેલા લોકોને ૧૪ દિવસ ફરજીયાત સરકારી તંત્રની દેખરેખ હેઠળ કોરન્ટાઈનમાં રહેવું પડશે જેમાં જે જીલ્લામાં વતન હોય તેનાથી નજીકના જીલ્લામાં કોરન્ટાઈન રહ્યા પછી કોઈ પણ જાતની શારીરિક બીમારી ન હોય તો જ વતન જવાં મળશે ત્યારે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવાના મિશન વંદે ભારત અંતગર્ત ૧૭૭ મુસાફરો સાથે એર ઈન્ડિયાની ફ્લાઈટ કુવૈતથી અમદાવાદ પહોંચી હતી. જેમાંથી દરેક પ્રવાસીને નીતિ પ્રમાણે કોરન્ટાઈન કરવામાં આવ્યા હતા જેમાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારનાં ત્રણ લોકોને અરવલ્લી જિલ્લામાં કોરન્ટાઈન કરવામાં આવ્યા હતા.

વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને પરત લાવવાના મિશન વંદે ભારત અંતગર્ત સવાસો મુસાફરો સાથે એર ઈન્ડિયાની ફ્લાઈટ કુવૈતથી અમદાવાદ પહોંચી હતી. જ્યારે બ્રિટનથી ૨૦૦ મુસાફરો સાથે ફ્લાઈટ પરોઢિયે અમદાવાદ આવી પહોંચ્યા હતા. અમદાવાદ

એરપોર્ટ પર પહોંચેલા મુસાફરોનું મેડીકલ ચેકઅપ કર્યા બાદ તેમના સામાનને સેનેટાઈઝ કરી એરપોર્ટ પરથી તેમને રવાના કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. નક્કી કરાયેલા ક્વોરેન્ટાઈન સેન્ટર પર મોકલવામાં આવ્યા હતા. અરવલ્લી જીલ્લામાં સાબરકાંઠા જિલ્લાના વિજયનગરના કુવૈતથી આવેલા ૧) પટેલિયા ભરતભાઈ પ્રભુદાસ ભાઈ, ૨) પટેલિયા નારણભાઈ હીરાભાઈ, ૩) ઠાઠવીયા મહેન્દ્રભાઈ લખુભાઈ પહોંચેલા ત્રણે પ્રવાસીઓની તબિયત સારી ન હોવાથી ત્રણે પ્રવાસીઓને મોડાસાની કોવીડ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ખસેડી કોરન્ટાઈન કરવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

વડગામ તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૧૨૩ લોકોને હેલ્થકાર્ડ ઈસ્યુ કરાયા

વડગામ તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા તાલુકામાં લોકડાઉન માં આવશ્યક ચીજવસ્તુ નું છૂટક વેચાણ કરતા નાના વેપારીઓ સહિત ફેરી કરતા તમામ ના હેલ્થ નું ચેકીંગ કરી હેલ્થકાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

વડગામ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.પ્રકાશ ચૌધરી દ્વારા મળતી માહિતી મુજબ કોવિડ ૧૯ મહામારી દરમિયાન દેશમાં ચાલી રહેલ લોકડાઉન અંતર્ગત જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામામાં આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતા કરિયાણા ના છૂટક વેપારીઓ, શાકભાજી તેમજ લારીઓ સહિત મેડિકલ સ્ટોર્સ ચલાવતા સંચાલકો નું વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપર કુલ ૧૧૨૩ નાના છૂટક વેપારીઓના આરોગ્યની ચકાસણી કરી તમામ ને હેલ્થકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યા હતા દરમિયાન તાલુકા ની વિવિધ પંચાયત ના તલાટી કમ મંત્રી ઓનું પણ આરોગ્ય ચકાસણી કરી કાર્ડ ઈસ્યુ કરાયા હતા દરમિયાન તમામ વેપારીઓએ દર સપ્તાહે હેલ્થ ચેકઅપ કરાવી કાર્ડ રીન્ય કરાવવું ફરજીયાત હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

પ્રાંતિજના મહિલા પીએસઆઈ સિંઘમ પી.ડી. ચૌધરીની બદલી થતા વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મહિલા પીએસઆઈ સિંઘમ પી.ડી. ચૌધરીની બદલી થતા લોકડાઉનને લઈને હાલ

સાદગીભરી વિદાય સમારંભ યોજાયો હતો. પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં છેલ્લા છ મહિનાથી ફરજ બજાવતા મહિલા પીએસઆઈ કે જેવો સિંઘમના નામે જાણીતા છે તે પી.ડી. ચૌધરીની હાલ કોરોનાની મહામારી વચ્ચે તેમની કોરોના વોરીયર્સ તરીકેની પ્રાંતિજ ખાતે મહત્વનો ફાળો હોઈ તેમની પ્રસંશનીય કામગીરીને લઈને જિલ્લા એસપી ચૈતન્ય રવિન્દ્ર મંડલીક દ્વારા તેમની કામગીરીને બિરદાવીને તેવોને હિંમતનગરના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ સ્વતંત્ર પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી હતી. જાંબાઝ પી.ડી. ચૌધરી દ્વારા પ્રાંતિજ ખાતે માત્ર છ મહિનામા જ તેવોની કામગીરીને લઈને તેવો પ્રાંતિજ સહિત તાલુકામાં સિંઘમ તરીકે આગવી ઓળખ બનાવી હતી, હાલ ચાલી રહેલ કોરોનામા તેમની લોકડાઉનનુ ચુસ્ત પાલન કરાવવા અને તેમના કડક સ્વભાવને લઈને લોકોમાં તેમના નામથી જ ડર જોવા મળ્યો હતો. મહિલા પીએસઆઈ પીનલબેન દેવજીભાઇ પટેલની બદલીના સમાચાર પ્રાંતિજ સહિત પંથકમાં સાંભળવા મળતા લોકોમાં નિરાશા જોવા મળી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે હાલ કોરોનાના વાઈરસને લઈને લોકડાઉન વચ્ચે સાદગીભર્યો વિદાય સમારંભ યોજાયો હતો જેમાં પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી.ચંપાવત, પ્રાંતિજ પીએસઆઈ બી.ડી. ચૌધરી તથા પ્રાંતિજ પોલીસ સ્ટાફ દ્વારા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પી.ડી. ચૌધરીનું શ્રીફળ શાલ ફુલહાર અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. વિદાય લઈ રહેલ મહિલા પીએસઆઈ પી.ડી. ચૌધરી દ્વારા પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત તથા પ્રાંતિજ પીએસઆઈ બી.ડી. રાઠોડ સહિત પોલીસ સ્ટાફનો આભાર માન્યો હતો.

ઘરમાં રહો... સુરક્ષિત રહો...

ઘરવખરી અને પી.વી.સી. પાઈપો બળીને ખાખ, લાખ્ખોનું નુકસાન

ભિલોડા,તા.૧૫

ભિલોડા તાલુકાના નાના ડોડીસરા ગામમાં ત્રણ ઈસમોએ એક બીજાની મદદથી કોઈ પણ કારણોસર એક સંપ થઈ મકાન સળગાવી દેતા ઘર વખરી અને પી.વી.સી. પાઈપો બળીને ખાખ થઈ ગઈ હતી. લાખ્ખો રૂપિયાનું નુકશાન મકાન માલીકને સહન કરવાનો વારો આવ્યો હતો. મકાન માલીકે ત્રણ ઈસમો વિરૂધ્ધ શકના આધારે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

નાના ડોડીસરા ગામના બાબુભાઈ મરતાજી ખરાડીનું મકાન રમેશભાઈ બાબુભાઈ ખરાડી, સંજયભાઈ બાબુભાઈ ખરાડી, સુંદરભાઈ બાબુભાઈ ખરાડીએ એક સંપ થઈ પાકું મકાન સળગાવી દેતા ઘર વખરીનો સામાન તેમજ ૨૫ નંગ પી.વી.સી. પાઈપો બળીને ખાખ થઈ જતા લાખ્ખો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે. બાબુભાઈ મરતાજી ખરાડીએ નાના ડોડીસરા ગામના ત્રણ શકમંદ ઈસમો વિરૂધ્ધ મકાન સળગાવી દેવા બાબતે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસએ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

વાત્રક હોસ્પિટલમાં ૨૧ કોરોના દર્દીઓને રજા અપાઈ, કોરોના વોરિયર્સે તાળીઓ વગાડી સન્માન આપ્યું

લોકડાઉન-૧માં સલામત ગણાતા અરવલ્લી જિલ્લામાં લોકડાઉન-૨ અને ૩ માં કોરોના બૉમ્બ વિસ્ફોટ થતાં કોરોના પોઝેટીવ દર્દીઓનો આંકડો ૭૯ એ પહોંચ્યો હતો જેમાં બે લોકોને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો હતો. અરવલ્લી જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાં વ્યાપેલા કોરોના વાયરસ સામે વહીવટીતંત્ર અને આરોગ્ય વિભાગની અસરકાર સારવારથી કોવીડ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા દર્દીઓ ઝડપથી કોરોનનો મ્હાત આપી રહ્યા છે. મોડાસાની કોવીડ હોસ્પિટમાંથી ૨૨ દર્દીઓ કોરોનાને ગતરોજ રજા આપવામાં આવ્યા બાદ વાત્રક કોવીડ હોસ્પિટલમાં ૨૧ દર્દીઓ કોરોનાથી સ્વસ્થ થતા રજા આપવામાં આવતાં ઉપસ્થિત ડૉક્ટરો, નર્સ અને સ્ટાફે તાળીઓથી અભિવાદન કરી હોસ્પિટલમાંથી વિદાય આપી હતી.

અરવલ્લી જિલ્લામાં કોરોનાના નોંધાયેલા ૭૯ કેસમાંથી ૬૨ જેટલા દર્દીઓ સ્વસ્થ થયા છે હાલ ૧૫ દર્દીઓ સારવાર હેઠળ છે જ્યારે ભિલોડાના કુશાલપુરના વૃધ્ધા અને મોડાસાનો યુવક કોરોના સામે જંગ હારી જતા મોત નીપજ્યું હતું. શુક્રવારે વાત્રક કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૨૧ કોરોનાગ્રસ્ત દર્દીઓમાં કોરોનાના લક્ષણ દેખાતા બંધ થયા બાદ તેઓનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. બાદમાં બીજો રીપોર્ટ પણ નેગેટિવ આવતા કોરોના સામે જંગ જીતનાર ૨૧ દર્દીઓને વાત્રક કોવીડ-૧૯ હોસ્પિટલમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સે તાળીઓના સન્માન સાથે વિદાય આપી હતી. કોરોના વોરિયર્સ અને કોરોનાના દર્દીઓની હિંમતને

બિરદાવવા મોટી સંખ્યામાં ડોક્ટર્સ અને નર્સ હાજર રહ્યા હતા. કોરોનાને મ્હાત આપનાર તમામ દર્દીઓએ વાત્રક કોવીડ હોસ્પિટલ રાજ્યની સર્વશ્રેષ્ઠ કોવીડ હોસ્પિટલ હોવાનું અને સારવાર આપનાર કોરોના વોરિયર્સ એવા તબીબો, આરોગ્ય કર્મચારીઓ, સફાઈ કામદારો અને વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરી નવજીવન આપ્યું હોવાનું જણાવ્યું હતું.